મોલ-મલ્ટીપ્લેક્સમાં પાર્કિંગ ચાર્જને વસૂલવા પર પ્રતિબંધ

મોલ-મલ્ટીપ્લેક્સ સંચાલકો ચાર્જ નહી લઇ શકે : ચાર્જ લેનારાની સામે કાર્યવાહી કરવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, તા.૧૦

ગુજરાત હાઈકોર્ટે આજે એક અતિમહત્વપૂર્ણ ચુકાદા મારફતે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મોલ-મલ્ટીપ્લેક્સમાં નાગરિકો પાસેથી ઉઘરાવવામાં આવતાં પાર્કિંગ ચાર્જ વસૂલવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. ચાર્જ ઉઘરાવતા મોલ અને મલ્ટીપ્લેક્સ મામલે ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે તેના બહુ દૂરોગામી અસર કરનારા આ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, રાજયમાં મોલ અને મલ્ટીપ્લેક્સ હવેથી પાર્કિંગ ચાર્જ લઈ શકશે નહીં અને જો પાર્કિંગ ચાર્જ લેશે તો મોલ અને મલ્ટીપ્લેક્સના સંચાલકો સામે જે તે કોર્પોરેશન અને પોલીસ કાયદેસરની કાર્યવાહી કરી શકશે. એટલું જ નહી, અગાઉ પાર્કિંગ ચાર્જ નિયત કરતાં સીંગલ જજના અગાઉના હુકમને પણ હાઈકોર્ટની ખંડપીઠે ગેરકાયદે અને રદબાતલ ઠરાવ્યો હતો. જેને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરના નાગરિકોને ખાસ કરીને વાહનચાલકોને બહુ મોટી એટલે બહુ મોટી રાહત મળી છે. હાઈકોર્ટે પોલીસ ઓથોરીટી સહિતના સંબંધિત સત્તાવાળાઓ દ્વારા મોલ-મલ્ટીપ્લેક્સમાં પાર્કિંગ ચાર્જ ઉઘરાવવા પર પ્રતિબંધ ફરમાવતી નોટિસો, હુકમો જે પણ કંઈ જારી કરાયા છે તે તમામ પણ યથાવત્

રાખ્યા છે. જેથી હવેથી અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મોલ-મલ્ટીપ્લેક્સમાં હવે પાર્કિંગ ચાર્જ ઉઘરાવી શકાશે નહી. ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદાને પગલે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મોલ અને મલ્ટીપ્લેક્સ સંચાલકો દ્વારા પાર્કિંગ ચાર્જના નામે વસૂલવામાં આવતી ઉઘાડી લૂંટની બદી પર રોક લાગશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે ઓક્ટોબરમાં મોલ અને મલ્ટિપ્લેક્સમાં પાર્કિંગ ચાર્જ લેવા બાબતે સુનાવણી કરતા ગુજરાત હાઈકોર્ટે મોલ અને મલ્ટિપ્લેક્સને પાર્કિંગ ચાર્જ વસૂલ કરવાની પરવાનગી આપી કામચલાઉ રાહત આપી હતી. હાઈકોર્ટે એ વખતે, પ્રથમ કલાક માટે પાર્કિંગને ફ્રી રાખવાની અને ત્યારબાદ પાર્કિંગ ચાર્જ વસૂલ શકાશે. એક કલાક બાદ ટુ-વ્હીલર માટે રૂ. ૨૦ અને ફોર વ્હીલર માટે રૂ. ૩૦ પાર્કિંગ ચાર્જ ચુકવવો પડશે. ગત વર્ષે પાર્કિંગ ચાર્જ મામલે હાઈકોર્ટના આદેશ બાદ રાજ્યભરમાં તંત્ર દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં મોલ-મલ્ટિપ્લેક્સ, હોસ્પિટલ સહિતના એકમો દ્વારા જો તેની મુલાકાત લેનાર ગ્રાહકોને મફત પાર્કિંગની વ્યવસ્થા આપવા માટે નિર્દેશ આપ્યો હતો. જે અનુસંધાને પણ મોલ-મલ્ટિપ્લેક્સ દ્વારા આ પ્રકારે ચાર્જ વસુલવા સામે રોક લગાવી હતી. તેમજ ચાર્જ લેનાર પર કાર્યવાહી પણ હાથ ધરાઈ હતી.આ દરમ્યાન કેટલાક મોલ- મલ્ટીપ્લેક્સ સંચાલકો દ્વારા હાઈકોર્ટ સમક્ષ પિટિશન કરી એવી રજૂઆત કરી છે કે, તેઓ પાર્કિંગમાં વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. ત્યારે તેઓ પાર્કિંગનો ચાર્જ વસૂલી શકે છે.

રાજય સરકાર તરફથી મોલ-મલ્ટીપ્લેક્સ સંચાલકોની અરજીનો સખત વિરોધ કરતાં જણાવાયું હતું કે, મોલ-મલ્ટીપ્લેક્સ સંચાલકોની અરજી ટકી શકે તેમ જ નથી કારણ કે, તેઓને આ પ્રકારે પાર્કિંગ ચાર્જ વસૂલવાની કોઈ અધિકૃત સત્તા જ નથી, તેઓ અત્યારસુધી ગેરકાયદેસર રીતે અને મનસ્વી રીતે પાર્કિંગ ચાર્જ વસૂલતા આવ્યા છે, જે ઉઘરાવવાની તેમને કોઈ સત્તા જ નથી. વળી, પોલીસ ઓથોરીટી અને સંબંધિત સત્તાવાળાઓ તરફથી આ પ્રકારે ગેરકાયદે પાર્કિંગ ચાર્જ ઉઘરાવવા પર પ્રતિબંધ ફરમાવતાં નોટિફિકેશન્સ અને નોટિસો જારી કરાયા છે, જે કાયદેસર અને સત્તાનુસારના હોઈ હાઈકોર્ટે તેને બહાલ રાખવા જોઈએ. સરકારપક્ષની આ દલીલો હાઈકોર્ટે ગ્રાહ્ય રાખી હતી અને અમદાવાદ શહેર સહિત રાજયભરના નાગરિકોને બહુ મોટી રાહત આપી હતી.

માઉન્ટ આબુમાં આધેડ પર રીંછના હિંસક હુમલાથી ચકચાર

ચોમાસાની સિઝનમાં રીંછ વધુ હિંસક બનતું હોય છે

પાલનપુર, તા. ૧૦

પર્યટક સ્થળ માઉન્ટઆબુમાં મંગળવારની રાત્રે એક આધેડ પર રીંછ દ્વારા હિંસક હુમલો કરવામાં આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે ઘાયલને સારવાર માટે દવાખાને લઈ જવાયા હતા. ઘટના બાદ વન વિભાગે નિવેદન લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની વિગત એવી છે કે રાજસ્થાનના એક માત્ર પર્વતીય પર્યટક સ્થળ માઉન્ટ આબુના ઓરિયા ગામમાં રહેતા પરિવારના એક સભ્ય ગયોને ઘાસચારો નાખી વાડામાંથી પરત ફરી રહ્યા હતા તે સમય નજીકની જાડીમાં સંતાઈને બેઠેલા રીંછે અચાનક આધેડ પર હુમલો કર્યો હતો. જેમાં આધેડના માથા તેમજ આંખના ભાગે ગંભીર ઈજા થઇ હતી. બનાવ બાદ હેબતાઈ ગયેલા બિદેસિંહએ બુમરાડ કરતા

નજીકના લોકો દોડી આવ્યા હતા અને રીંછ નાસી છૂટ્યું હતું. દરમિયાન લોકોએ ગંભીર રીતે ઘવાયેલા આધેડને સારવાર માટે ગ્લોબલ હોસ્પિટલ લઈ જવાયા હતા. આ ઘટના બાદ વન વિભાગ દ્વારા નિવેદન લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

વડગામ તાલુકાના તેનીવાડા ગ્રામ સચિવાલયના મકાનનું લોકાર્પણ

વડગામ, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના તેનીવાડા ખાતે એક વર્ષ પહેલાં કલેકટર પંચાયતના રેકર્ડ તપાસવા આવ્યા હતા તે સમયે

પંચાયત ઘર બનાવવા માંગ કરવામાં આવી હતી.

ત્યારે કલેકટર બ.કા દ્વારા પોતાની ગ્રાન્ટમાંથી નાણા ચૂકવીને તેનીવાડામાં નવિન ગ્રામ સચિવાલય બનાવાયું હતું. ત્યારે કલેકટરની ગ્રાન્ટમાંથી નવિન બનાવેલ ગ્રામ સચિવાલયનુ ઉદઘાટન કલેકટર બનાસકાંઠા સંદિપ સાગલે અને બનાસકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સકસેનાના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં તેનીવાડા ગ્રામજનો એકતાના શુર સાથે ભેગા મળીને બેઠા હતા. નવિન ગ્રામ સચિવાલયના ૧૦ લાખ જેટલી માતબર રકમ કલેકટરશ્રી બનાસકાંઠાની ગ્રાંન્ટમાંથી ચુકવવામાં આવી હતી.

નવા ગ્રામ સચિવાલયના લોકાર્પણ કાર્યક્રમમાં વૃક્ષારોપણ કરાયુ હતું અને ગામની વ્યક્તિને એક એક વૃક્ષ આપવામાં આવેલ જેમાં કલેકટરશ્રી બનાસકાંઠાએ પાણી બચાવવા અને પલાસ્ટીકમુકત ગામ બને તેવી અપેક્ષાઓ ગ્રામજનો પાસે રાખી હતી. ગામના દાતાઓને અભિનંદન આપ્યા હતા. જી.પં સદસ્ય અશ્વિન સકસેનાએ જણાવ્યુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અનેક ગરીબલક્ષી યોજનાઓ ખેડુતો, યુવાનો, મહીલાઓ માટે આપી છે જેમાં જન ધન યોજનાથી બેંકોમાં ખાતા ખોલાવ્યાં, આયુષ્યમાન ભારત યોજના થકી પાંચ લાખનો મેડીકલેમ વીમાનુ કવચ પુરૂ પાડયું અને સ્વચ્છતાનો સંદેશ આપી ભારત દેશમાં સ્વચ્છતાની જાગ્રતા કેળવી અને આગામી સમયમાં જળશકિત થકી ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રાખવા રીચાર્જ કુવા/ખાલી ઊંડા તળાવ વગેરેમાં વરસાદી પાણી ઉતારવા જન ભાગીદારીનું આહવાન કર્યું છે.

ત્યારે આપણે દેશના સાચા નાગરીક તરીકે સ્વચ્છતા અભીયાન અને પાણી બચાવવા પર પુરતું ધ્યાન આપવા વિનંતી કરી હતી. આ કાર્યક્રમમાં વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, વડગામ ટીડીઓ, તેની વાડા સરપંચ રિઝવાના બેન જગરાળા, તેની વાડા તલાટી જીગરભાઈ ચૌધરી સહીત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

ગાબટ સરપંચના પતિની રૂપનગરના તલાટીને જાનથી મારી નાખવાની અને ગાળો અપાતી કલીપ વાઈરલ

બાયડ, તા. ૧૦

મત માટે મતદારોના પગ પકડાતા અને ચૂંટાયા પછી સત્તાના નશામાં પ્રજાજનો અને અધિકારીઓ-કર્મચારીઓ સાથે બેફામ વર્તન કરતા હોવાની અનેક ઘટનાઓ બની રહી છે.

અરવલ્લી જીલ્લામાં ગ્રામ પંચાયતોમાં સરપંચ અને મહિલા સરપંચ હોય તો તેના પતિની દાદાગીરી અને રોફ તલાટી અને કર્મચારીઓ પર રોફ જમાવવા બિભસ્ત વર્તન કરતા હોય છે. બાયડ તાલુકાના ગાબટ ગામના મહિલા સરપંચના પતિ શ્યામ બાપુ નામના શખ્સે રૂપનગરના તલાટીને રૂપનગરમાં પિતૃઓનો બંગલો તેમના પિતાના નામે કરી આપવા મોબાઈલ ફોન કરી જાનથી મારી નાખવાની ધમકી અને બિભસ્ત ગાળો અપાતો ઑડિયો કલીપ વાઈરલ થતા ચકચાર મચી છે. અરવલ્લી જીલ્લા તલાટી મંડળના પ્રમુખ ભીખાભાઈ ચડીએ ગ્રામપંચાયતના સરપંચોની દાદાગીરી અને ગાબટ મહિલા સરપંચ પતિ વિરુદ્ધ શખ્ત કાર્યવાહી કરવાની માંગ સાથે જીલ્લા કલેક્ટર, જીલ્લા વિકાસ અધિકારી અને પોલીસવડાને આવેદનપત્ર આપવા તજવીજ હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

અરવલ્લી જિલ્લામાં પંચાયતના

સરપંચોની દાદાગીરીએ ચરમસીમા વટાવી દીધી છે. સરપંચો જાણે પોતાની જાતને કલેકટર સમજતા હોય એવા રૂઆબથી ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ અને કર્મચારીઓને દબાવવામાં આવતા હોવાની રાવ ઉઠી છે. ગામના વિકાસમાં નહીં પરંતુ સરપંચના પોતાના વિકાસમાં કાયદાના દાયરામાં ખલેલ પહોંચાડતા કર્મચારીઓને ભયના ઓથારમા ફરજ બજાવવી પડે છે. સરપંચનું કહ્યુ ના કરનાર તલાટીઓને જાનથી મારી નાખવાની ધમકીઓ તો મા બેન સામે ખુલ્લેઆમ ગાળો આપવામાં આવે છે.

બાયડ તાલુકાના ગાબટ ગ્રામ પંચાયતના સરપંચે રૂપનગર ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીને મકાન નામે કરવાના મામલે મોબાઈલથી ફોન કરીને ધમકી આપતી એક ઓડિયો કલીપ વાયરલ થતા હડકંપ મચી જવા પામ્યો છે. બાયડ તાલુકાના ગાબટ ગ્રામ પંચાયતના સરપંચ શ્યામ બાપુની લુખ્ખી દાદાગીરીનો તલાટી પ્રવીણ વણકર સાથેનો સંવાદ જેમાં જાનથી મારી નાખી પંચાયતમાં જ ખાડો ખોદી દાટી દેવાની ધમકીનું કોલ રેકોર્ડિંગનો ઓડિયો કલીપ સોશ્યલ મીડિયામાં વાયરલ થતા અનિસૂચિ જાતિના લોકોમાં અને જિલ્લામાં ફરજ બજાવતા તલાટી સંગઠનમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. એક પછી એક દલિત પર થતા અત્યારને નાથી ના શકતી સરકાર અને સ્થાનિક વહીવટી તંત્રની ચુપકીદી આવા લુખ્ખા તત્વો સામે લાચાર હોય તેવું દેખાઈ આવે છે. થોડા દિવસ પહેલા માલપુર ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિની દાદાદીરીની ઓડિયો કલીપ વાયરલ થઈ હતી.

જેમાં રીતસરની કર્મચારીને બિભસ્ત ગાળો બોલતો હોવા છતાં ઉચ્ચ અધિકારીઓની ચુપકીદીમાં જાણે ભ્રષ્ટાચારની ગંધના કારણે આવા લુખ્ખા તત્વોને છાવરતા હોવાથી લોકો પરનો વિશ્વાસ તંત્ર ગુમાવી બેઠયું છે. બેફામ ગાળો બોલવી અને જાનથી મારી નાખવાની ધમકીઓના કિસ્સાઓ પર અંકુશ મેળવવા સ્થાનિકો માંગ કરી રહ્યા છે અને આવા લુખ્ખા તત્વો પર સખ્ત કાર્યવાહી કરવામાં આવે એવી લોક માંગ ઉઠી છે. જોકે સમગ્ર મામલાની અનુસૂચિ જાતિના સંગઠને નોંધ લેતા ગાબટના સરપંચ શ્યામબાપુ સાથે ટેલિફોનિક વાતમાં સરપંચ માફી માંગતા સંભળાઈ રહ્યા છે. આવેશમાં આવી ફાવે તેમ બોલ્યા પછી ઘૂંટણિયે પડી જવાની આવા તત્વો માનસિકતા ધરાવતા હોય છે પરંતુ ઉચ્ચ અધિકારી આવી ગંભીર બાબતની નોંધ લઈ સબક શીખવાડે તો ભવિષ્યમાં આવું કૃત્ય કરનાર તત્વો પર અંકુશ મેળવી શકાય અને કર્મચારીઓ પણ તંદુરસ્ત વહીવટ કરી શકે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

જિલ્લા કક્ષાની "કલાઈમેટ ચેન્જ એન્ડ હયુમન હેલ્થ" ટાસ્ક ફોર્સ અને ગવર્નીંગ બોડીની રચના

વર્તમાન સમયમાં વાતાવરણમાં થતાં વિષમ ફેરફારોને કારણે પૃથ્વી પરના તાપમાન, વરસાદ તેમજ અન્ય કુદરતી પરિબળોમાં વધારો – ઘટાડો નોંધાવા પામે તેને કલાઈમેટ ચેન્જ કહેવામાં આવે છે. આ કલાઈમેટ ચેન્જની અસરો સીધી કે આડકતરી રીતે માનવીના આરોગ્ય પર પડે છે. જેના કારણે છેલ્લા કેટલાક વરસોમાં પાણીજન્ય રોગો, વાહકજન્ય રોગો, હીટસ્ટ્રોક, શ્વશન તંત્રના રોગો, કેન્સર વગેરે જેવા રોગોનાં પ્રમાણમાં ફેરફાર જોવા મળયા છે. જિલ્લા કક્ષાએ "કલાઈમેટ ચેન્જ એન્ડ હયુમન હેલ્થ" ટાસ્ક ફોર્સ અને ગવર્નીંગ બોડીની રચના કરવામાં આવી છે. ચેરમેન તરીકે જિ. વિકાસ અધિકારી અને મેમ્બર સેક્રેટરી તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને નિયુકત કરવામાં આવ્યા છે અને તેની વિવિધ એકટીવીટી માટે જિલ્લા કક્ષાએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને નોડલ ઓફિસર તરીકે નિયુકત કરી તેઓની તાબા હેઠળની એપીડિમીક શાખાને જિલ્લા કક્ષાએ "એન્વાયર-મેન્ટ હેલ્થ સેલ" તરીકે કામગીરી કરવાની અને એપીડિમીક મેડીકલ ઓફિસરશ્રી અને એપીડેમીયો લોજીસ્ટ સહિતની ટીમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભયજનક સ્તરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જારી કરવામાં આવી છે. મુંબઈ અને તેના આસપાસના વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણપશ્ચિમ મોનસુન સમગ્ર દેશમાં પહોંચી ગયુ છે. કેટલાક વિસ્તાર જ હવે બાકી રહ્યા છે. હવામાન વિભાગે કહ્યુ છે કે દેશભરમાં મોનસુન સક્રિય થઈ ગયુ છે. ૧૨મી જુલાઈ સુધી રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. આને લઈને તંત્ર સંપૂર્ણ સાવધાન છે. ઉત્તરાખંડમાં ૧૧મી જુલાઈના દિવસથી ભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ વખતે સામાન્ય કરતા જલ્દીથી મોનસુન સક્રિય થયુ છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં મોનસુનની એન્ટ્રી થઈ હતી. ઉત્તર પશ્ચિમ ભારતમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જે મોનસુનના આગમન કરતા પહેલા રહેતા મદદગાર છે. વેસ્ટર્ન ડિસ્ટરબન્સ હવામાન સાથે સંબંધિત એક ઘટના તરીકે છે. જેના કારણે દેશના ઉત્તરી હિસ્સાં ભારે વરસાદ થયો છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ભાગો ભારે વરસાદ થઈ રહ્યો છે. આગામી બે દિવસમાં આ ક્ષેત્રોમાં પણ ભારે વરસાદ પડશે. જુન મહિનામાં ઓછો વરસાદ રહ્યા બાદ જુલાઈ અને ઓગષ્ટમાં સામાન્ય અને સારો વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. મોનસુનને લઈને તમામ લોકો ખુશ છે. સરકાર પણ સારા વરસાદની અપેક્ષા રાખે છે. દેશના અર્થતંત્ર માટે પણ મોનસુન ઉપયોગી સાબિત થાય છે. છ રાજ્યોમાં રેડએલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા તમામ સંભવિત પગલા લેવામાં આવી રહ્યા છે.

બાગી ધારાસભ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્ણાટકના નારાજ ધારાસભ્યોને મનાવવા મુંબઈની ફાઈવ સ્ટાર હોટેલ પહોંચેલા 'સંકટમોચક' ડી કે શિવકુમરાની મુંબઈ પોલીસે પાંચ કલાક બાદ ધરપકડ કરી છે. ચાલુ વરસાદમાં પણ હોટેલમાં રહેલા બળવાખોર ધારાસભ્યોને મળવાની જીદ પર અડગ રહેલા કર્ણાટકના નેતા ડી કે શિવકુમારની અટકાયત કરીને તેમને પોલીસ વેનમાં લઈ જવામાં આવ્યા હતા. આ સાથે કોંગ્રેસના નેતા મિલિંદ દેવરાની પણ અટકાયત કરવામાં આવી હતી. પોલીસે હોટલની બહાર કલમ ૧૪૪ લાગુ કરી દીધી છે.

બીજી તરફ ભાજપ નેતા બીએસ યેદિયુરપ્પાએ રાજ્યપાલ વજુભાઈ વાળા સાથે મુલાકાત કરી. કર્ણાટક કમઠાણનું કેન્દ્ર હવે મુંબઈ બની ગયુ છે.

બીજી બાજુ જેડીએસ દ્વારા પણ બેંગલુરુમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડા પણ હાજર હતા. વિરોધ પ્રદર્શનના આ કાર્યક્રમમાં કોંગ્રેસના નેતા ગુલામનબી આઝાદ, સિદ્ધારમૈયા અને કે.સી. વેણુગોપાલ પણ સામેલ થયા હતા. પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા આ નેતાઓને અટકમાં લઈ લીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભા સ્પીકર રમેશ કુમારે મંગળવારે ૧૩માંથી ૮ ધારાસભ્યોના રાજીનામાનો સ્વીકાર કર્યો નથી. તેમણે કહ્યું કે, ૧૩માંથી ૮ રાજીનામા કાયદાકીય રીતે સાચા નથી. હું બંધારણ અંતર્ગત કામ કરીશ. જે પાંચ ધારાસભ્યોના રાજીનામા યોગ્ય છે તેમાંથી ૩ ધારાસભ્યોને ૧૨ જુલાઈ અને ૨ ધારાસભ્યોને ૧૫ જુલાઈએ મળવાનો સમય આપવામાં આવ્યો છે.

શમણું રોળાયુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેચમાં માત્ર એક રન કરીને આઉટ થયો હતો જ્યારે પાંચ અડધી સદી ફટકારનાર કેપ્ટન વિરાટ કોહલી પણ એક રન કરીને આઉટ થયો હતો. વર્લ્ડકપમાં હજુ સુધી નવ મેચમાં પાંચ સદી ફટકારનાર અને મોટાભાગે ભારત તરફથી જોરદાર શરૂઆત કરનાર રાહુલ અને રોહિત શર્મા સસ્તામાં પેવેલિયન ભેગા થયા હતા. હેનરીએ જોરદાર તરખાટ મચાવીને શરૂઆતની બે વિકેટ લીધી હતી જ્યારે કોહલીને બોલ્ટે માત્ર એક રને આઉટ કરીને ક્રિકેટ ચાહકોમાં સોપો પાડી દીધો હતો. ન્યુઝીલેન્ડની ટીમ બીજી વખત સતત ફાઈનલમાં પહોંચી છે. છેલ્લા વર્લ્ડકપમાં ફાઈનલમાં પહોંચ્યા બાદ ઓસ્ટ્રેલિયા સામે તેની હાર થઈ હતી. ભારત પોતાની છેલ્લી મેચમાં શ્રીલંકાને હાર આપ્યા બાદ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું હતુ અને તે પોઈન્ટ ટેબલમાં ચોથા નંબર પર રહેલી ન્યુઝીલેન્ડની ટીમ સામે આજે મેદાનમાં ઉતર્યું હતું. ભારતીય ટીમ હોટફેવરિટ તરીકે દેખાઈ રહી હતી. સેમિફાઈનલની વાત કરવામાં આવે તો હજુ સુધી ઈતિહાસ ભારતીય ટીમની સાથે રહ્યો હતો. વિશ્વકપના ઈતિહાસની વાત કરવામાં આવે તો આજની મેચ પહેલા ભારતે હજુ સુધી સાત સેમિફાઈનલ મેચો પૈકી પૈકી ચારમાં જીત મેળવી હતી જ્યારે ન્યુઝીલેન્ડે આઠ સેમિફાઈનલ મેચો રમી હતી જેમાં એકમાં તેની જીત થઈ હતી. જેથી ન્યુઝીલેન્ડને સેમિફાઈનલ માટેના ચોકર્સ તરીકે ગણવામાં આવી રહ્યું હતું. ન્યુઝીલેન્ડને આજે ચોકર્સ તરીકેની તેની છાપ દૂર કરી હતી અને ભારત જેવી મજબૂત ટીમ સામે ૧૮ રને રોચક જીત મેળવી ફાઈનલમાં આગેકૂચ કરી દીધી હતી. વર્ષ ૨૦૧૫ના વર્લ્ડકપમાં પણ ન્યુઝીલેન્ડની ટીમ ફાઈનલમાં પહોંચી હતી જ્યાં યજમાન ટીમ હોવા છતાં અન્ય યજમાન ટીમ

ઓસ્ટ્રેલિયા સામે તેની ફાઈનલમાં હાર થઈ હતી. ભારતની વાત કરવામાં આવે તો આજની હાર પહેલા ભારતીય ટીમ સાત વખત સેમિફાઈનલમાં પહોંચી હતી જે પૈકી ત્રણ વખત જીત મળી હતી . ૧૯૮૩, ૨૦૦૩, ૨૦૧૧માં તેની જીત થઈ હતી જ્યારે ૧૯૮૭, ૧૯૯૬, ૨૦૧૫માં હાર થઈ હતી. ન્યુઝીલેન્ડની ટીમ માત્ર એક વખત ૨૦૧૫માં સેમિફાઈનલમાં જીત મેળવી શકી હતી.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે વર્ષ દરમિયાન પશુ સારવાર કેમ્પમાં ૩૩,૯૮૧ પશુઓને સારવાર

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પશુઓ માટે કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ તેવા પ્રશ્નના જવાબમાં પશુપાલન મંત્રીએ જણાંવ્યા મુજબ બે વર્ષમાં જિલ્લામાં ૪૯૩ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ કેમ્પ દરમિયાન ૩૩,૯૮૧ પશુઓને સારવાર આપવામાં આવી છે.

કોબામાં રાહેજા ગ્રુપને આઇ ટી સેઝ પાર્ક માટે પ્રતિ ચોમી રૂ ૪૭૦ મુજબ જમીન ફાળવી

ગાંધીનગર ખાતે આઇ ટી ઇ એસ સેઝ પાર્ક માટે રાહેજા ગ્રુપને જમીન ફાળવવામાં આવી હોવાની હકીકત સાચી છે તેવા પ્રશ્નના જવાબમાં મહેસુલ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લાના કોબા ગામમાં સરકારી પડતર અને ગૌચરની કુલ ૩૭-૬૫-૮૧ ચો મી જમીન ફાળવવામાં આવી છે. જે અન્વયે પ્રતિ ચો મી ના રૂ૪૭૦ મુજબ રૂ ૧૭.૬૯ કરોડ વસુલવામાં આવ્યા છે. જયારે આ અન્વયે શરતભંગનો પણ પ્રશ્ન ઉપસ્થિત ન થતો હોવાનુ પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ છે.

સમજૂત કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામો અગ્રતાના ધોરણે હાથ ધરવા માટે સરપંચોને પણ સમજૂત કરવામાં આવશે. જિલ્લામાં જળશકિત અભિયાન જે ૧લી જુલાઈથી હાથ ધરવામાં આવ્યું છે તે ૧૫મી સપ્ટેમ્બર સુધી ચાલવાનું છે આ અભિયાનના આયોજન તેમજ અમલીકરણ અંગે કેન્દ્ર સરકારની એક ઉચ્ચ સ્તરીય ટીમે પણ ગાંધીનગર જિલ્લાના અધિકારીઓને મળી ત્રણ દિવસ સુધી સતત બેઠકોનો દોર ચલાવ્યો હતો.

જિલ્લામાં ભૂગર્ભ જળની સ્થિતિ કફોડી થઈ છે અને હવે જળસંચય માટે જો તાકીદે પગલાં નહિ ભરવામાં આવે તો આગામી દિવસોમાં હિજરત કરવાની નોબત આવશે. ગઈકાલે રાજય વિધાનસભામાં આ સ્થિતિનો ઉલ્લેખ ડૉ. સી.જે. ચાવડાએ કર્યો હતો તેમજ સંસદમાં પણ આ અંગે ચિંતા વ્યકત થઈ હતી જે ઉલ્લેખનીય છે.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

ખુલવાની પ્રતિક્ષા કરી રહ્યો હતો. આ મંદિરની એક વિશિષ્ટતા છે કે તેમાં ફોટા પાડવા પર કોઈ પ્રતિબંધ નથી. અમે વલ્લભાચાર્ય, શ્રીનાથજી અને યમુનારાણીના ફોટા પાડી ખુલ્લા ચોકમાં નિરાંતે બેઠા. બેસતાં પહેલાં અમારી અગાઉ બેઠેલાના ફોટા પાડી લીધા. બધા બેઠાં બેઠા પ્રવાસની અવનવી વાતો કરતા હતા. થોડીવારમાં દ્વાર ખુલતાં ખંડમાં જયજયકાર થઈ ગયો. કોઈ કેમેરામાં તો કોઈ મોબાઈલમાં ફોટા ખેંચતા હતાં. વૃધ્ધજનો ખુબ આદરપૂર્વક દર્શન કરતા હતા. જમણી બાજુની ભીતે ખુબ સુંદર ચિત્રો લગાવેલાં હતાં. બીજા દિવસની સવારે મેં કેટલાક ચિત્રોના ફોટા પાડ્યા હતા. આખો કેમેરો એકલા દેવોના ચિત્રોથી જ ભરાઈ ના જાય એવી શંકાથી મેં બીજાં ફોટા પાડવામાં સંયમ જાળવ્યો. આ માંદિરની બીજી વિશિષ્ટતા એ છે કે અહીં કોઈ મૂર્તિ નથી. શ્રી વલ્લભાચાર્યની ગાદીના દર્શન કરવામાં આવે છે. આ શ્રી વલ્લભાચાર્યનું પ્રાકટ્ય સ્થાન છે. પુષ્ટિમાર્ગના વૈશ્ણવોનું આ પરમ ધામ છે. અહીં ગુજરાતીઓનું ભારે વર્ચસ્વ છે. મંદિરમાં અને સુદામાપુરી ધર્મશાળાની ભીંતો પર લગાવેલી સૂચનાઓ પણ ગુજરાતીમાં લખેલી જોવા મળે છે. ગુજરાતીઓને અહીં ભાષાની સહેજે મુશ્કેલી નડતી નથી. દ્વાર ખુલ્યા પછી તરત આરતી શરૂ થઈ. અહીં દર્શને આવેલા તમામ દર્શનાર્થીઓ આરતી પછી તરત જમવા જાય છે. મંદિર તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. દર્શને કરવા આવેલા લોકોમાંથી જ કેટલાક હોંશે હોંશે ભૂખ્યા જનોને રસોઈ પીરસે છે. જીવનમાં પહેલીવાર રસોઈ પીરસવા નીકળ્યા હોય એટલે કોઈ કોઈ છબરડા પણ વળે છે.

બેઠક ખંડની પાસે આવેલી ઓફિસમાં દાન દક્ષિણા સ્વીકારવામાં આવે છે. અને પ્રસાદ પણ વેચવામાં આવે છે. સો રુપિયામાં સ્નરસ સૂકો પ્રસાદ પ્રાપ્ત થાય છે. પ્રસાદમાં મોટેભાગે તાજો બનાવેલો ઠોર હોય છે.

ગાદીમંદિરના પાછળના ભાગે યમુના નદી વહે છે. તેના સામે કાંઠે યમુનાજીનું મંદિર છે. ખાસ જાણતા હોય તે માણસો જ આ મંદિરના દર્શને જાય છે. અમને બધાને ફોટોગ્રાફશ્રી નરસિંહભાઈ નદી સુધી દોરી ગયા. બાકી મોટાભાગના લોકો ગાદીના દર્શન કરીને જ પાછા વળી જાય છે. અલબત્ત જમવાનું ચૂકતા નથી.

આગલી રાતે ટ્રેનમાં બરાબર ઊંઘ નહીં આવી હોવાથી આજે તો શાંતિથી ઊંઘવા મળશે એવી આશા સ્વાભાવિકપણે જ થાય. પરંતુ અહીં અમારી એ આશા ઠગારી નીવડી. વાતાવરણમાં ભારે ગરમી હતી. એ ગરમી આખી રાત જળવાઈ રહી. અડધી રાતે કેટલાક તો રૂમના બારણા ખોલી બહાર આવી ગયા અને અગાશીમાં પથારી પાથરી. સુભાષ પણ એની પથારી લઈને બહાર ગયો હતો. પરંતુ બરાબર નહીં ફાવતાં રાતે ક્યારે પાછો આવી ગયેલો એની મને ઊંઘમાં ખબર પડી નહીં. સવારે હું ચાર સાડાચાર વાગ્યાનો જાગી ગયો. એ પછી ઊંઘ ના આવી તે ના જ આવી.

સવારે વહેલો તૈયાર થઈને હું દર્શન કરવા પહોંચી ગયો. દર્શન કરવા જતા પહેલા સામે જગદીશ પટેલના ગલ્લામાં એક ચા પીધી. ફક્ત પાંચ રુપિ